આજનો સુવિચાર
નફરતને હજાર મોકો આપો કે તે સારા સંબંધમાં ફેરવાય પરંતુ સારા સંબંધને એકપણ મોકો ન આપો કે નફરતમાં બદલાય

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૫૪ જૂનાગઢ તા.૧૬-૬-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 154, Junagadh : Date : 16 Jun, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# વાવાઝોડા બાદ ભારે વિનાશ : ૧૦૦૦ ગામોમાં અંધારપટ
# ૩૬૭૨ વીજ થાંભલા અને ૧૫૦૦ વૃક્ષો ધરાશાયી : બે વ્યકિતનાં મોત

## વાવાઝોડું ગતરાત્રે જખૌ બંદરે ટકરાયું ત્યારે ૧૩૦ કી.મી.ની ઝડપે પવન ફુંકાયો : ૨૨ વ્યકિત ઈજાગ્રસ્ત : ૨૩ પશુઓનાં મોત : નુકશાનીનાં સર્વેની કામગીરી ચાલુ

ગાંધીનગર તા. ૧૬

ગઈકાલે સાંજથી શરૂ થયેલી વાવાઝોડાની પ્રક્રિયા આખી રાત સુધી ચાલુ રહી હતી. ગુજરાતના કાંઠે વાવાઝોડા બિપરજોય ટકરાયા બાદ ૧૨૦ - ૧૩૦ કિમીની ઝડપે પવન ફુંકાયો હતો અને ભારે વરસાદ પડતાં સૌરાષ્ટ્ર અને ખાસ કરીને કચ્છમાં વિનાશલીલા જોવા મળી છે. રાતભર ઝંઝાવાતી પવન ફુંકાતા ૧૦૦૦ ગામોમાં વિજળી ગુલ થઈ જતાં અંધારપટ છવાયો છે. ૩૬૭૨ થાંભલા પડી જતાં વિજળી વેરણ બની હહતી. ૧૫૦૦થી વધુ વૃક્ષો પડી ગયા છે. રાજ્યમાં ભાવનગર પંથકમાં બે લોકોના મોત થયા છે અને વિવિધ ઘટનાઓમાં ૨૩ને ઈજા થઈ છે. હવે વાવાઝોડું નબળુ પડયું છે અને તે સાયકલોનિક સ્ટોર્મમાં પરિવર્તીત થતાં સૌરાષ્ટ્ર-કચ્છમાં ભારે વરસાદ પડી રહ્યો છે. ગાંધીધામમાં ૮ ઈંચ વરસાદ પડયાના અહેવાલ છે. વાવાઝોડુ નબળુ પડી રાજસ્થાન તરફ જતાં ત્યાં ભારે વરસાદ પડવાના સંજોગો છે. ગુજરાતમાં વાવાઝોડાને કારણે ભારે તબાહી થઈ છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે નુકસાન થયું છે. સરકારે પહેલેથી તૈયારી રાખી હોવાથી નુકસાન ઓછું થયું છે. સરકારે રાતથી જ રાહત - ઉગાર કાર્ય ચાલુ કર્યું છે. રાજ્યમાં ૨૩ પશુઓના મોત થયા છે. વડાપ્રધાન મોદીએ સીએમ સાથે વાત કરી સ્થિતિનો તાગ મેળવ્યો હતો. મોરબી, કચ્છ, દ્વારકા પંથકમાં વધુ નુકસાન થયું છે.

અરબી સમુદ્રમાંથી ઉછળેલા ચક્રવાત બિપરજોયએ ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારે તબાહી મચાવી છે. ચક્રવાત ગઈકાલે સાંજે ગુજરાતના જખૌ બંદર પર ત્રાટક્યું હતું. આ પછી રાજયમાં ૧૧૫-૧૨૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. રાજયમાં પણ ભારે વરસાદ ચાલુ છે. જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે.

ગુજરાતના કચ્છ જિલ્લામાં સેંકડો વૃક્ષો ધરાશાયી થયા, ઈલેકટ્રીક થાંભલા તૂટવાને કારણે અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. દરિયાને અડીને આવેલા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. રાજયમાં પૂર અને વરસાદને લગતી ઘટનાઓમાં બે લોકોના મોતના સમાચાર છે. જયારે ૨૨ લોકો ઘાયલ થયા છે.

રાત્રે આવેલા ભયંકર ચક્રવાતી વાવાઝોડા બિપરજોયએ તબાહીનો ઊંડો રસ્તો પાછળ છોડી દીધો છે. વાવાઝોડા બાદ ગઈ સાંજે રાજયના દરિયાકાંઠાના વિસ્તારોના ગામડાઓમાં તબાહી સર્જાઈ હતી. અનેક જિલ્લાઓમાં તોફાની પવન સાથે મુશળધાર વરસાદ હજુ પણ ચાલુ છે. વાવાઝોડાને કારણે હજારો વૃક્ષો અને સેંકડો વીજ થાંભલા ધરાશાયી થઈ ગયા હતા, જેના કારણે લગભગ ૧૦૦૦ ગામો અંધારામાં ડૂબી ગયા છે.

## વાવાઝોડા બાદ આજે મીની વાવાઝોડુ ફુંકાયું ૧૭ જીલ્લા, ૧૭૧ તાલુકામાં ભારે વરસાદ

ગાંધીનગર તા. ૧૬

વાવાઝોડા બાદ હવે મેઘતાંડવ શરૂ થયું છે. આજે પણ બિપરજોય વાવાઝોડાની અસર હેઠળ કચ્છ, દ્વારકા, જામનગરમાં સુસવાટા મારતા પવન સાથે મીની વાવાઝોડાની સ્થિતિ સર્જાઈ છે અને ધોધમાર વરસાદ પડી રહયો છે. તદઉપરાંત બનાસકાંઠા, પાટણમાં પણ ભારે વરસાદ પડી રહયો છે.

પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, દ્વારકા, સુરેન્દ્રનગર, પોરબંદર, જૂનાગઢ, રાજકોટ, જામનગર, અમેરલી, મોરબી અને ગીર સોમનાથમાં ભારે પવન સાથે વરસાદની આગાહી છે.

## જામનગરનાં સેતાવાડમાં મકાનની છત ધરાશયી : રેસ્કયુ ઓપરેશન

જામનગર તા. ૧૬

જામનગર શહેરમાં ગઈકાલથી પડેલા ભારે વરસાદ સબબ આજે શહેરનાં સેતાવાડ વિસ્તારમાં એક મકાનની છત ધરાશયી થઈ જતા પાંચ લોકો દબાઈ ગયા હતા. આ બનાવની જાણ થતાં જામનગરની ફાયર બ્રિગેડ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને લોકોને બચાવની કામગીરી હાથ ધરાઈ છે જેમાંથી ત્રણ લોકોની સહી સલામત બહાર કાઢવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

## વાવાઝોડા બાદ કચ્છ - દ્વારકામાં ભારે તબાહી : સર્વત્ર જળબંબાકાર

ભુજ તા. ૧૬

વાવાઝોડું ત્રાટકયા બાદ કચ્છ - દ્વારકા વિસ્તારમાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. આ બંને જીલ્લામાં ૨૦ કાચા મકાનોનો સંપૂર્ણ નાશ થયો છે અને ૪૭૪ મકાનોને નુકશાન થયું છે. આ બંને જીલ્લામાં વાવાઝોડાથી ભારે નુકશાન થયું છે. કચ્છમાં ૧૦૦૦ વૃક્ષો ધરાશયી થઈ ગયા છે અનેક પશુઓ માર્યા ગયા છે. માંડવી, નખત્રાણા, ગાંધીધામમાં ભારે નુકશાન થયું છે. જયારે બાગાયતી પાકનો સંપૂર્ણ સોથ વળી ગયો છે. હાલમાં યુધ્ધનાં ધોરણે નુકશાનીનો સર્વે કરવામાં આવી રહયો છે. સાંજ સુધીમાં નુકશાનીનો પ્રાથમીક અંદાજ આવશે તેમ મનાઈ રહયું છે. હાલમાં માંડવી, મુંદ્રામાં ભારે વરસાદ પડી રહયો છે. કચ્છનાં સ્થાનિક લોકોનાં જણાવ્યા અનુસાર તેમના જીવનકાળમાં આવું ભયાનક વાવાઝોડું કયારેય જોયું નથી હાલમાં પણ વાવાઝોડા બાદ ફરીવાર મીની વાવાઝોડાની સ્થિતિ જોવા મળી રહી છે. ભુજ પંથકમાં પવન અને વરસાદનો પ્રહાર થઈ રહયો છે. કચ્છ તાલુકામાં ૧૯૨ વીજ પોલ અને ૩૦૦ વૃક્ષ ધરાશયી થયા છે. કચ્છ - દ્વારકામાં જયાં જુઓ ત્યાં તબાહીનાં દ્રશ્યો જોવા મળી રહયા છે. બાગાયતી પાકોનો સંપૂર્ણ સોથ વળી ગયો છે. ગતરાત્રે વાવાઝોડું પસાર થયા બાદ આજે સવારે સુર્યોદય થતાં જ કચ્છ, જામનગર, દ્વારકામાં પારાવાર નુક્શાનીનાં અહેવાલો મળી રહયા છે. અને હાલમાં વરસાદ ચાલુ હોય સર્વત્ર જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે.

## ગાંધીધામમાં ૮ અને ભુજમાં ૬ ઈંચ ધોધમાર વરસાદથી સ્થિતિ વણસી

ભૂજ તા. ૧૬ : આજે સવારની સ્થિતિએ સૌથી વધુ આઠ ઈંચ વરસાદ કચ્છનાં ગાંધીધામમાં નોંધાયો હતો. વાવાઝોડાની અસર હેઠળ કચ્છ, દ્વારકા તથા જામનગરમાં ભારેથી અતિભારે વરસાદ પડવાનું એલર્ટ આપવામાં આવ્યું હતું અને તે મુજબ ગઈરાત્રીથી જ મુશળધાર વરસાદ ખાબકયો હતો.

કચ્છમાં ગાંધીધામમાં ૮ ઈંચ, ભુજમાં ૬ ઈંચ (૧૫૩મી) અંજારમાં પાંચ ઈંચ (૧૨૭મીમી) મુંદ્રામાં ૫ ઈંચ (૧૨૫ મીમી), માંડવીમાં અઢી ઈંચ (૬૪ મી) ભચાઉમાં અઢી ઈંચ (૬૧ મીમી), વરસાદ નોંધાયો હતો. મુશળધાર ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની હાલત હતી. તોફાની પવન સાથેના વરસાદને કારણે સ્વયંભુ લોકડાઉનની સ્થિતિ રહી હતી. આ સિવાય દેવભુમી દ્વારકામાં પણ જોરદાર વરસાદ ખાબકયો હતો.

## હવામાન સ્વચ્છ થયા બાદ મુખ્યમંત્રી કચ્છ વિસ્તારનું હવાઈ નિરીક્ષણ કરશે

ગાંધીનગર તા.૧૬ : બિપોરજોય સામેની જોરદાર પૂર્વ તૈયારીથી સૌરાષ્ટ્ર-કચ્છમાં વાવાઝોડાથી જાનહાની રોકવામાં સફળતા મળી છે. પરંતુ વૃક્ષો, વિજ માળખા વગેરેને વ્યાપક નુકશાન હોવાને પગલે મુખ્યમંત્રી તથા વડાપ્રધાન કચ્છ સહીતનાં અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરિક્ષણ કરશે.

સુત્રોના કહેવા પ્રમાણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મોટાભાગે આજે જ કચ્છ સહીતનાં વાવાઝોડા અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરિક્ષણ કરશે. આજે વાતાવરણને કારણે તે શકય ન બને તો આવતીકાલે એરીયલ સર્વે કરશે. આ સિવાય વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આગામી ૨૧ જૂને અમેરીકાનાં પ્રજાએ જતા પુર્વે કચ્છનું હવાઈ નીરીક્ષણ કરે તેવી શકયતા છે.

## અરબી સમુદ્રમાં સૌથી લાંબો સમય ૯ દિવસ અને ૧૬ કલાક વાવાઝોડું સક્રિય રહયું

નવી દિલ્હી તા. ૧૬ :

ગત ૬ જૂનના રોજ સવારે ૫.૩૦ વાગે સાયકલોન બિપોરજોયની ઓળખ થઈ હતી. ત્યારબાદ તેની તીવ્રતા અને ઉત્તર તરફ આગળ વધવાની દિશા સાથે તેને બિપોરજોય નામ આપવામાં આવ્યું હતું. આ વાવાઝોડાએ ગુરુવારે રાત્રે ૯.૩૦ કલાકે ચક્રવાત તરીકે નવ દિવસ અને ૧૬ કલાક પૂરા કર્યા હતા. આ પ્રકારે તે અરબ સાગરમાં સૌથી લાંબા સમય સુધી રહેલું ચક્રવાત બની ગયું છે.

## કચ્છમાં જન્મેલી બાળકીનું નામ રાખ્યું બિપરજોય

જખૌ તા. ૧૬ :

ગુજરાતના જખૌમાં એક મહિલાએ એક બાળકને જન્મ આપ્યો હતો જેનું નામ ચક્રવાતી તોફાનપરથી 'બિપરજોય' રાખવામાં આવ્યું છે. મહિલા અને તેનો પરિવાર હાલ આશ્રમ સદનમાં છે. પ્રાપ્ત માહિતી મુજબ સુરક્ષા દળોએ મહિલા અને તેના પરિવારને કચ્છમાં સલામત સ્થળે પહોંચાડ્યા છે.

## ગુજરાત બાદ હવે રાજસ્થાન ઉપર વાવાઝોડાની ઘાત

જયપુર તા. ૧૬

અરબી સમુદ્રમાંથી ઉછળેલું ચક્રવાતી તોફાન બિપરજોય મોડી રાત્રે રાજસ્થાનમાં વાવાઝોડા અને વરસાદ સાથે બાડમેર જિલ્લામાં પ્રવેશ્યું છે. તેની અસર બાડમેર ઉપરાંત પાલી, સિરોહી, જેસલમેર, જોધપુર અને જાલોરમાં જોવા મળી હતી. આ જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ પડી રહ્યો છે. ખરાબ હવામાનને જોતા જેસલમેરમાં લગભગ ૧૦૦ પરિવારોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. ચક્રવાતી તોફાન બિપરજોય મોડી સાંજે ગુજરાતના દરિયાકાંઠે ત્રાટક્યું હતું અને ત્યાંથી રાજસ્થાનમાં પ્રવેશ્યું હતું. જોધપુર યુનિવર્સિટીએ પરીક્ષાઓ સ્થગિત કરી દીધી છે.

આગામી ૨૪ કલાક સુધી લગભગ ૬૦ કિમીની ઝડપે પવન ફૂંકાવા અને વીજળીના ચમકારાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. તોફાનની અસર પાટનગર જયપુર તેમજ ટોંક, ભીલવાડા, અજમેર, બુંદી અને તેની આસપાસના મેદાનોમાં જોવા મળી શકે છે.

શ્રી બાલવી એસ્ટેટ બ્રોકર
ફલેટ, ટેનામેન્ટ, ડુપ્લેક્ષ, દુકાન તેમજ દરેક પ્રકારની મિલ્કત લેવા-વેચવા, ભાડે આપવા, ભાડે લેવા માટેનું વિશ્વાસપાત્ર નામ
મો. ૮૭૩૫૮ ૫૯૮૯૧
૯૮૭૯૫ ૮૫૨૮૫

ગોપાલ નમકીનનું એરીયા વાઈસ કમીશનથી કામ આપવાનું છે
થ્રી વ્હીલર પેક બોડી વાળી રીક્ષા હોવી જરૂરી છે.
રૂબરૂ મુલાકાત માટે ફોન કરીને આવવું
જય સેલ્સ એજન્સી
રાધા નગર, ખામધ્રોળ બાયપાસ રોડ, જૂનાગઢ
મો. ૯૪૨૮૬ ૨૨૩૩૨ - વિનોદભાઈ
મો. ૯૮૯૮૭ ૦૧૬૨૬ - ભાવિનભાઈ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
અગ્રણી બિલ્ડર
ચેતનભાઈ ટીલવા
જૂનાગઢ
મો. ૯૮૨૫૬ ૪૩૦૨૨

ગુજરાત આયુર્વેદ કો.
Get Up To 20% Off on Ayurvedic Products
ક્રિસ્ટલ કોમ્પ્લેક્સ
ચિતા ખાના જુનગઢ 9586250898

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



# જૂનાગઢ વીજ વિભાગના ૨૨ સબ ડિવિઝનની સમગ્ર ટીમ અને સ્ટાફ ઉપરાંત ૨૦ ટીમ સતત કાર્યરત

## જૂનાગઢ, ગીર સોમનાથ સહિતના ૨૫૦ ગામોમાં વીજ પૂરવઠો પૂર્વવત કરાયો

જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢ જિલ્લાના માંગરોળ અનેમાળિયા તાલુકામાં દરિયાઈ કાંઠા વિસ્તારનો સમાવેશ થઈ રહ્યો છે. સંભવિત વાવાઝોડાની અસરને લીધે પવનની ગતિ વધુ હતી. જૂનાગઢ જિલ્લાના ૬ તાલુકા ગીર સોમનાથના ૩ તાલુકાઅનેમાળિયાના ૩ તેમજ અમરેલીના ૩ ગામ સહિત ૪૫૬ ગામોમાંથી ૨૫૦ ગામોમાં વીજ પૂરવઠો ખોરવાયો હતો તે દરેક ગામમાં વીજ પુરવઠો પૂર્વ વત કરવામાં આવ્યો છે. હાલમાંદરેક ગામમાં વીજ પુરવઠો શરૂ છે. જૂનાગઢ વીજ વિભાગમાં ૪ ડિવિઝનઅને૨૧ સબરડિવિઝન અંતર્ગત ૪૪૩ ખેતીવાડી ફીડર હતા તેમાંથી ૩૨૯ ફીડર અસરગ્રસ્ત હતા તે રિપેરીંગ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે અને અન્ય કામગીરી પ્રગતિ તળે છે. જ્યોતિગ્રામ યોજના તળેના ૧૪૫ ફીડર હતા તેમાંથી ૭૪ અસરગ્રસ્ત ફીડર હતા તેના રિપેરિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

ખેતીવાડી વીજ કનેક્શન માટેના ૪૭૫ થાંભલાઓમાંથી ૬૬ વીજ થાંભલાઓની કામગીરી પૂર્ણ થઈ છે અને અન્ય વીજ થાંભલાઓની રિપેરીંગ કામગીરી પ્રગતિ તળે છે. ૩૪ ટ્રાન્સફોર્મરમાંથી ૧૦ રિપેરિંગ કામ થયું છે અન્ય કામગીરી પૂર્ણ કરવામાં આવી રહી છે. મહત્વનું છે કે, જૂનાગઢ વીજ વિભાગના ૨૨ સબ ડિવિઝનની સમગ્ર ટીમ અને સ્ટાફ ઉપરાંત ૨૦ અન્ય ટીમ સતત ૨૪૮ ૭ કાર્યરત છે, તેમ જૂનાગઢ વીજ વિભાગ અધિક્ષક ઈજનેર પરમારે વાતચીત દરમ્યાન જણાવ્યું હતું.

# જૂનાગઢ જીલ્લાના મલ્ટીપર્પઝ સાઈક્લોન શેલ્ટર્સમાં ઉત્તમ સુવિધાઓ, આશ્રિતોના સ્વાસ્થ્ય સહિતની તકેદારી રાખવામાં આવી

## માંગરોળ તાલુકાના લોએજ- આંત્રોલી સહિતના શેલ્ટરમાં તંત્ર સાથે ગ્રામજનો પણ ખડે પગે રહ્યા





જૂનાગઢ, તા.૧૬

સંભવિત બિપરજોય વાવાઝોડાની અસરના પગલે રાજય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સતત કાળજી લેવામાં આવી રહી છે. અગમચેતીના ભાગરુપે જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના કાંઠા વિસ્તારના ગામોમાં કાર્યરત મલટીપર્પઝ સાઈક્લોન શેલ્ટરમાં આશ્રિત છેવાડાના માનવીની તમામ પ્રકારની તકેદારી રાજયસરકાર અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રાખવામાં આવી રહી છે. જૂનાગઢ જિલ્લાના મલ્ટીપર્પઝ સાઈક્લોન શેલ્ટરર્સમા ઉત્તમ સુવિધાઓ આપવામાં આવી છે, આશ્રિતોના સ્વાસ્થ્ય- ભોજન- સહિતની તમામ તકેદારીઓ રાખવામાં આવી રહી છે. માંગરોળ તાલુકાના લોએજ- આંત્રોલી સહિતના શેલ્ટરમાં તંત્ર સાથે ગ્રામજનો પણ ખડે પગે રાહત કાર્યમાં સતત હાજર રહ્યા છે. લોએજ ગામના શેલ્ટરમાં અત્યાર સુધીમાં ૫૯ જેટલા લોકોને આશરો આપવામાં આવ્યો છે. અહીં આરોગ્ય ટીમ, પોલીસ, આશા વર્કરો, આંગણવાડીના બહેનો દ્વારા ફરજ બજાવવામાં આવી રહીછે. આશ્રિતોના સુગર ટેસ્ટ સહિતની તકેદારી રાખી જરુરી દવાઓનો જથ્થો પણ ઉપલબ્ધ રાખવામાં આવ્યો છે. ગામનામાજી સરપંચ રવિભાઈ નંદાણિયાએ જણાવ્યુ કે, ચાર દિવસથી વહીવટીતંત્ર સાથે સંકલન સાધી અમે અહીં સેવા કરી રહ્યાં છીએ. આંગણવાડીના બહેનો આશ્રિતોના બાળકોને રચનાત્મક પ્રવૃત્તિઓ કરાવી તેમનું મન પ્રફુલ્લિત રાખવામાં આવી રહ્યું છે. અમે સાત્વિક ભોજનઆપીએ છીએ, વહીવટી તંત્ર દ્વારા પણ ફુડ પેકેટની સુવિધા આપવામાં આવી છે. સૌ સાથે મળી આ આફત સામે લડવા એકબીજાને મનોબળ પૂરૂ પાડી રહ્યા છીએ. નજીકના ગામ આંત્રોલીમાં પણ કાચાં મકાન-ઝૂપડામા વસતાં ૪૬ વ્યક્તિઓનું સલામતીના ભાગરુપે સ્થળાંતર કરવામાં આવ્યું છે.

## સંભવિત વાવાઝોડામાં વીજળી પાણીની સુવિધા છે ને....?,

# ડિઝાસ્ટર શાખાના કર્મયોગીઓ ગામ આગેવાનોને સામેથી પૂછી તેમની સુવિધાઓની કરી રહ્યાં છે ખાત્રી

## કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન ટીમ કાર્યરત

જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન ભવન ખાતે કાર્યરત જિલ્લા કંટ્રોલરુમ ખાતે ફરજ ઉપરના કર્મચારીઓ દ્વારા ખાસ કરીને માંગરોળ અને માળિયા હાટીના તાલુકાના ગામોમાં વીજળી અને પાણી સહિતની અન્ય કોઈ મુશ્કેલી કે જરૂરિયાતો માટે ગામના સરપંચશ્રી અને આગેવાનોને સામેથી ટેલિફોનિક સંપર્ક કરીને તેમના પ્રશ્નો જાણી ત્વરિત નિવારણ માટે કાર્યવાહી હાથ ધરી રહ્યા છે.

જિલ્લા કંટ્રોલરૂમ ખાતે કર્મચારીઓ દ્વારા નાગરિકોનો ટેલિફોનિક સંપર્ક દરમ્યાન જો કોઈ ગામમાં કોઈ પ્રશ્ન સામે આવે તો ત્વરિત સંબંધિત વિભાગ-કચેરી કે, અધિકારીઓને જાણ કરી પ્રશ્ન નિવારવા માટે જણાવવામાં આવે છે. આમ, તંત્ર સામેથી સંભવિત વાવાઝોડાની સ્થિતિમાં લોકોની મુશ્કેલીઓ નિવારવા માટે પહેલરૂપ પગલાં લઈ રહ્યું છે.

જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયા સંભવિત વાવાઝોડાંની સ્થિતિમાં સમયાંતરે જિલ્લા કંટ્રોલરુમની મુલાકાત લઈ, તેમની કામગીરીની સમીક્ષા પણ કરી રહ્યા છે. આમ, કલેકટરશ્રીના નિર્દેશ મુજબ ડિઝાસ્ટર શાખાના કર્મચારીઓ લોકોના પ્રશ્નો નિવારવા માટે ૨૪/૭ કામ કરી રહ્યા છે. ડિઝાસ્ટર શાખાના ઈન્ચાર્જ મામલતદાર ડી.આર. ખમલ, નાયબ મામલતદાર ધવલ શોભાસણા, વી.એલ. ચાવડા, એચ.પી. મેંદપરા, વી. એન. પરમાર, કે.એચ. દાફડા, એ.એલ.જાંબુકિયા, કલાર્ક બી.એમ. પરમાર, ઓપરેટર હરેશ ગઢવી અને મયુર પરમાર સહિતના કર્મયોગીઓ સંભવિત આપત્તિની સ્થિતિમાં સતત જહેમત ઉઠાવી રહ્યા છે.

# બિપરજોય વાવાઝોડા સંદર્ભે રાજ્ય સરકાર અને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી

## જસંભવિત વાવાઝોડામાં કોઈ જાનહાનિ ન થાય તે માટે ખાસ તકેદારી લેવામાં આવી રહી છે

જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢ જિલ્લામાં સંભવિત વાવાઝોડા સંદર્ભે તંત્ર દ્વારા સારામાં સારી કામગીરી કરવામાં આવી રહી છે. આ વાવાઝોડામાં કોઈ પણ પ્રકારે જાનહાનિ ન થાય કે લોકોને ઈજા ન પહોંચે તે માટે વિશેષ તકેદારી લેવામાં આવી રહી છે. આ પગલાંઓના ભાગરુપે લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યુંછે, તેમ માંગરોળ ખાતે મીડિયા કર્મીઓને જાણકારી આપતા જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું.

મંત્રીએ વીજ પ્રશ્ન બાબતે જણાવ્યુ કે, ભારે પવનના કારણે કેટલીક વીજ લાઈનસલામતીના ભાગરુપે બંધ રાખવામાં આવી છે. વીજ પુરવઠો પૂર્વવત કરવા માટે જરુરિયાત મુજબ અન્ય જિલ્લાઓમાંથી વીજ કામગીરી માટે ટીમ બોલાવવામાં આવી છે. માંગરોળ બંદર ખાતેના જેટીના પ્રશ્ન બાબતે ઉચિત કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાતરી પણ મંત્રીએ આપી હતી. સંભવિત વાવાઝોડા બાબતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ સતત સંપર્કમાં છે, તેમજ સતત કેટલાક દિવસથી પ્રભારી સચિવ મનીષ ભારદ્વાજ સહિત આ વિસ્તારના ધારાસભ્યો, સંગઠનના પદાધિકારીઓ, સ્થાનિક અગ્રણીઓ વિવિધ સ્થળોએ મુલાકાત કરી લોકોના પ્રશ્નો નિવારવા માટે જહેમત ઉઠાવી રહ્યા છે, તેમ પણ મંત્રીએ જણાવ્યું હતું.

# મેંદરડા નેસ વિસ્તારની પાંચ સગર્ભાઓને નજીકના સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દેખરેખ હેઠળ રાખવામાં આવી




જૂનાગઢ, તા.૧૬

બિપરજોય વાવાઝોડાની સ્થિતિને ધ્યાને લઈને જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા લોકોને પ્રાથમિક આરોગ્યની સુવિધા પૂરીપાડવામાં આવી રહી છે. આ સ્થિતિમાં આશ્રય મેળવ્યો છે તેવા ગીર જંગલના નેસ વિસ્તારમાં રહેતા માલધારીઓને આરોગ્યની વિશેષ સારવાર આપવામાં આવી રહી છે. આ પૈકી સગર્ભા મહિલાઓને નજીકના સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં શિફ્ટ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા આ સગર્ભા મહિલાઓનું સતત મોનિટિંગ કરવામાં આવી રહ્યું છે અને તેમના આહાર અને સ્વાસ્થ્યબાબતે તેમને માર્ગદર્શન સાથે માહિતી આપવામાં આવી રહ્યા છે. મેંદરડા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાંથી મળતી માહિતી મુજબ વાવાઝોડાને ધ્યાને લઈને આરોગ્ય વિભાગ દ્વારા સગર્ભા મહિલાઓનો સર્વે કરવામાં આવ્યો હતો. ગળકિયા, ગુંદિયાળી, ખડા અને સિરવાણ સહિતના જંગલના નેસ વિસ્તારમાંથી ૫ સગર્ભા મહિલાઓને અલગ-અલગ નજીકના સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે શિફ્ટ કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા નેસ વિસ્તાર અને જયાં લોકોને સ્થળાંતર કર્યા હોય ત્યાં તેમની આરોગ્યની ચકાસણી કરી તેમને તેમના સ્વાસ્થ્ય જાળવી રાખવા માટે શું કરવું જોઈએ તે અંગે જરુરી માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

# સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ માંગરોળ બંદર ખાતે પવનની ગતિની જાણકારી મેળવી

## તકેદારી માટેના જરુરી પગલાંઓ બાબતે એનડીઆરએફના અધિકારી સાથે પરામર્શ કર્યો



જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢ જિલ્લાના દરિયાઈ વિસ્તારમાં સંભવિત રીતે વધુ અસર થાય તેવી શકયતા છે. સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જિલ્લાના માંગરોળ તાલુકા અને બંદર વિસ્તારની મુલાકાત લીધી હતી. ખાસ કરીને મંત્રીએ પવનની ગતિ સંદર્ભેઅને તેની સંભવિત અસરો વિશે એન ડી આર એફના ઈન્સ્પેકટર સુધીરકુમાર સાથેચર્ચા કરી હતી. માંગરોળ બંદર ખાતે સવારથી બપોરના ત્રણ વાગ્યા સુધીમાં પ્રતિ કલાક ૬૫ થી ૮૫ કિમી વચ્ચેની ઝડપ રહી હતી. મંત્રીએ લાઈટ હાઉસ એટલે કે દિવાસ્તંભની પણ મુલાકાત કરી હતી. આ તકે ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ, અખિલ ભારતીય માછીમાર સમુદાયના પ્રમુખ વેલજીભાઈ મસાણી, માંગરોળ શહેર ભાજપ પ્રમુખ લીનેશભાઈ સોમૈયા સહિતના અગ્રણીઓ અને અધિકારી ઉપસ્થિત રહ્યા.

# ઉનાનાં ઉમેજ ગામે બિપોરજોય વાવાઝોડામાં સતર્ક વનકર્મીઓએ સિંહ બાળને બચાવ્યા

## ઉનાનાં ઉમેજ ગામે બિપોરજોય વાવાઝોડામાં સતર્ક વનકર્મીઓએ સિંહ બાળને બચાવ્યા



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૧૬

બિપરજોયવાવાઝોડાને લઈ ડીસીએફ ધારીની સુચનામુજબ આ આફઓ જસાધાર દ્વારા જસાધાર રેન્જ હેઠળ આવતા કાર્યક્ષેત્રમાં સિંહોની સલામતી માટે વનકર્મીઓની અલગ અલગ ટીમો બનાવી ઉના તાલુકાના દરીયાઈ કાંઠા વિસ્તારમાં વિહરતા સિંહોના ગૃપ ઉપર સતત વોચ રાખવામાં આવી રહી હતી જેમાંઆજરોજ ઉના તાલુકાના ઉમેજ ગામના રેવન્યુ વિસ્તારમાં જોવા મળતું સિંહોનું ગૃપ જેમાં સિહણ ૩ તથા સિંહબાળ ૪ ઉમેજ ગામના ખેડૂત જોઘુભાઈ ઘેલુભાઈ સોલંકીની આંબાવાડીમાં તેઓના માલઢોર, વાછડા ૧નું મારણ કરેલ તથા ગાયનો ઈજા પહોંચાડેલ ત્યારબાદ આ ગૃપમાં જોવા મળતા ચાર સિંહ બાળમાંથી બે સિંહ બાળ ખેતરમાં આવેલ ખુલ્લા કુવામાં પડી ગયેલ હતા જે વાતની જાણ તે વિસ્તારમાં પેટ્રોલીંગ કરતા સ્ટાફને થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી વરસાતા વરસાદમાં આરએફઓ જસાધાર પણ સ્થળ આવી તેઓના માર્ગદર્શન મુજબ સહી સલામત રીતે વનકર્મીઓએ તથા ટ્રેકર્સ ટીમે ભારે જહેમત ઉઠાવી બંને સિંહબાળોનો કુવામાંથી સુરક્ષીત બહાર કાઢી સ્થળ ઉપર જ વેટરનારી ડોકટર દ્વારા સારવાર આપી સિંહબાળ જેમાં નર ૧ તથા માતા ૧ કુલ ૨ બચ્ચાને મુકત કરી તેઓની માતા સાથે મિલન કરાવેલ હતું.

## પીજીવીસીએને જબરી નુકશાની સાથે

# માણાવદર શહેરમાં બિપોરજોય ભારે વાવાઝોડાથી વૃક્ષો ધરાશયી : પીજીવીસીએલનો સ્ટાફ ખડેપગે




(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર, તા.૧૬

માણાવદર પંથકમાં બિપોરજોય વાવાઝોડાની ગઈકાલે વધુઅસર જોવા મળી છે. શહેરમાં ફુંફાડા મારતા વાવાઝોડાએ મામલતદાર કચેરી નજીક જ રહેણાંક વિસ્તાર ઉપર જુના પીપળના તોતીંગ વૃક્ષને ઉખડીને ફેંકી દીધું હતું. સદનશીબે કોઈ જાન હાની થઈ નથી. રહેણાંક મકાન ઉપર પડયું છે તો કૈલાશ ગાર્ડનામાં એક સાથે ૪ વૃક્ષો ઉખેડી નાખ્યા હતા, મહાદેવી રોડ ઉપર વૃક્ષ પડયું તેમાં નાની મોટી ડાળીઓ તુટીને અલગ પડી. આ ફુંફાડા મારતા વાવાઝોડામાં અસંખ્ય વીજ વાયરો તુટયા હતા. પીજીવીસીએલની ટીમ ૨૪ કલાકથી અવિરત કામગીરી દિવસ રાત કરીને તત્કાલ વીજ પુરવઠો ચાલુ કરી દિધો. સ્ટેશન પ્લોટમાં મહાદેવ મંદિર પાસે ટીસી બળ્યું, રાતો રાત બદલી આપી લોકોને વીજપુરવઠો ચાલુ કરી આપેલ. શહેર તથા ગ્રામ્યમાં ડિવીઝન-૧માં ૩૫ પોલ ૪ વાગ્યે પડયા છે. ભારે પવનના કારણે હજુ ડેમજ પોલમાં વધારો થશે. સરેરાશ પાંચ દિવસથી દરરોજ ૯૦ ફોલ્ટ આવે છે. જેનો પહોંચીવળવા સતત ૨૪ કલાક રાઉન્ડ ધ કલોક શકય એટલી કામગીરી કરાઈ છે. ડિવીઝન-૨માં કુલ ૮ જયોતીગ્રામ ફિડરો તથા ૨૨ ગામડાનો સમાવેશ છે તેમજ ૩૦ ખેતી વાડી ફિડરો સતત રાત દિવસ ૫ ટીમ પીજીવીસીએલની ખડેપગે છે. તથા નાયબઈજનેર ડી.એન. રૂપારેલીયા, પીઠીયા તથા ટીકનીકલ સ્ટાફ સાથે મોનીટરીંગ કરી રહ્યા છે. ૩૫ થી ૪૦ વીજ પોલ વાવાઝોડામાં તુટયા છે. એલ.ટી.-૨૧ લાઈ, ૫ ટીસી, ડેમેજ થયા. એચ.ટી. કનોડેકટકર, ૭ કિ.મી., એલટી ૪ કિ.મી. ડેમેજ થયું. હજી વિગતો આવી રહી છે મોડી રાત્રે કેટલા પડેલ કે, નુકશાની નો અંદાજ આવશે. હાલ સતત ગ્રામ્યતથા અન્ય વિસ્તારમાંથી ફોલ્ટ અને ડેમેજની વિગતો આવી રહી છે સાથે જયાં પણ શકય છે ત્યાં પાવર ચાલુ કરાઈ છે. ભારે વાવાઝોડામાં પણ પીજીવીસીએલ ટીમો સતત કામગીરી કરી રહી છે. હજુ બંને ડીવીઝનમાં વાવાઝોડાથી નુકશાનીનો આંક મોટો થશે તે હાલની સ્થિતિ ઉપરથી જણાય છે.

# બિપરજોય વાવાઝોડાની

# સૌરાષ્ટ્ર - કચ્છ અને ગુજરાત માં "અસર"





બિપરજોય વાવાઝોડાની અસર સૌરાષ્ટ્ર - કચ્છ અને ગુજરાત માં જોવા મળી હતી. દ્વારકા, અંજાર, કંડલા, જૂનાગઢ, ભવનાથ, માંડવી, મુન્દ્રા, હર્ષદ, ગોમતીઘાટ, સહિતના વિસ્તારોમાં અસર વર્તાણી હતી, વાવાઝોડાનો ખતરો હવે ટળી ગયો છે ત્યારે આમ જનતા અને પ્રશાસન તંત્ર એ રાહતનો શ્વાસ લીધો છે




ભવનાથમાં ચુસ્ત બંદોબસ્ત...



જિલ્લાનાં માર્ગો પર વાવાઝોડાથી તૂટેલા 183 વૃક્ષોને હટાવી લેવાયા



બિપરજોય વાવાજોડાના કારણે ઠેર ઠેર નુકસાની જોવા મળી હતી.



કંડલા પોર્ટ - દરિયો



માણાવદરમાં વાવાઝોડાને લીધે વૃક્ષ ધરાશાયી...



માંડવીના દરિયાનું રૌદ્ર રૂપ...



અંજારમાં ભારે પવન સાથે વરસાદ પડયો...



કંડલા મુન્દ્રા પોર્ટ બંધ થતા ગાંધીધામમાં ટ્રકોના પૈડાને લાગી બ્રેક...



...રાહત અને બચાવની કામગીરી...

# જૂનાગઢ જીલ્લામાં પશુધનને જાનહાનિ ન થાય એ માટે જીલ્લા પશુપાલન કચેરી સાવચેત

## અસરગ્રસ્ત માંગરોળ અને માળિયા તાલુકામાં ૬૧ હજારથી વધુ પશુધનના આરોગ્યની તપાસણી કરવામાં આવશે

જૂનાગઢ, તા.૧૬

સંભવિત બિપરજોઈ વાવાઝોડાના પગલે પશુપાલન કચેરી દ્વારા જૂનાગઢ જિલ્લા તેમજ અસરગ્રસ્ત તાલુકા માંગરોળ અને માળીયાહાટીનામાં ૬૧ હજારથી વધુ પશુધનની આરોગ્યની તપાસણી કરવામાં આવશે.

જૂનાગઢ જિલ્લાના વાવાઝોડાથી અસરગ્રસ્ત માળિયા તાલુકાના ૧૭, ૪૮૦ અને માંગરોળ તાલુકાના ૪૩, ૬૫૨ સહિત કુલ પશુધન ૬૧, ૧૩૨ને રોગચાળા વિરોધી રસીકરણ કરવામાં આવશે. જૂનાગઢ જિલ્લા પશુપાલન કચેરી દ્વારા બિપરજોઈ વાવાઝોડાથી અસરગ્રસ્ત માળિયા અને માંગરોળ તાલુકાના ૪૭ ગામોમાં પશુઓને રોગચાળા વિરોધી રસીકરણ સારવારની કામગીરી છેલ્લા બે દિવસથી હાથ ધરવામાં આવી રહી છે. જેમાં અત્યાર સુધીમાં ૮,૯૦૦ થી વધુ પશુઓને ગઈ કાલ સુધીમાં રસીકરણ કરવામાં આવ્યું છે. અને ૧૦૩ પશુઓને સારવાર આપવામાં આવી છે. આ ઉપરાંત અન્ય પશુઓને પણ રસીકરણ, આરોગ્યલક્ષી સારવાર આપવામાં આવનાર છે. સંભવિત બિપરજોઈ વાવાઝોડામાં પશુધનને ઓછામાં ઓછી નુકસાની થાય એ માટે ૭૦ જેટલા અધિકારી કર્મચારીઓને ૧૯ ટીમો તૈયાર કરવામાં આવી છે.

વાવાઝોડા પહેલા સરકારની માર્ગદર્શિકા મુજબ પશુ ચિકિત્સા અધિકારીશ્રીની ટીમ લીડર તરીકે નિમણુંક કરવામાં આવી છે. પશુ દવાખાનાઓમાં પશુધન નિરીક્ષક, ગોપાલ મિત્રો, મૈત્રી ટીમની રચના કરવામાં આવી છે. તેમજ જૂનાગઢ જિલ્લામાં ૧૦ ગામ દીઠ એક હરતા ફરતા પશુ દવાખાનાના વાહનો, સ્ટાફ અને દવાના પૂરતા જથ્થા સાથે અસરગ્રસ્ત તાલુકામાં સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા છે. તાલુકા કક્ષાએ જરૂરી દવાઓ, સાધનો, રસીનો જથ્થો, ઈમરજન્સી કીટ પણ ટીમ દ્વારા તૈયાર કરવામાં આવી છે.

વાવાઝોડા પૂર્વે જન જાગૃત્તિ માટે whatsapp ગ્રુપ પણ બનાવવામાં આવ્યા છે. વાવાઝોડા પૂર્વે દરમ્યાન અને પછી પશુપાલનની કાળજી માટે સંદેશાની આપ-લે માટે દરેક તાલુકામાં સરપંચોનું whatsapp ગ્રુપ બનાવી માહિતી પહોચાડવામાં આવે છે.





**વિચરતા હોય તેવા ૨૦૦૦ થી વધુ પશુઓને આશ્રય સાથે ઘાસચારા માટેની વ્યવસ્થા કરવામાં આવી**

માંગરોળ તાલુકાના દીવાસા, મેખડી અને મેંદરડા તાલુકાના રાજેસરમાં ૨૦૦૦ થી વધુ વિચરતા પશુઓને આશ્રય આપવામાં આવ્યો છે.આ આશ્રય સ્થાનો ઉપર ગાય, ભેંસ, ઘેટા, બકરા, ઘોડા સહિતના કુલ વિચરતા ૨૦૦૦થી વધુ પશુઓ માટે સૂકા ઘાસચારાની વ્યવસ્થા પણ જિલ્લા વહીવટી અને પશુપાલન તંત્ર દ્વારા કરવામાં આવી છે.

**પશુપાલન ખાતાની પશુપાલકો માટેની માર્ગદર્શિકા**

સરકાર દ્વારા પશુપાલન ખાતાની પશુપાલકો માટેની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જેમાં નીચાણવાળા વિસ્તારમાંથી પશુઓને સલામત સ્થળે ખસેડવા મોટા વૃક્ષો નીચે પશુઓને ન બાંધવા, ઈલેક્ટ્રીક પોલની બાજુમાં ઈલેક્ટ્રિક લાઈનની નીચે પશુઓને ન બાંધવા સહિતની બાબતોની જાણ કરવામાં આવી છે. વધુમાં વિચરતા પશુઓના માલિકોને તેમના પશુઓને લોકેટ કરી શકે તે માટે વાવાઝોડાની તીવ્રતાથી વાકેફ પણ કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કામગીરી જૂનાગઢ કલેક્ટર અનિલ રાણાવસીયા, જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારી મીરાંત પરીખ, જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શાંતાબેન ખટારીયાના માર્ગદર્શન અને સૂચના મુજબ કામગીરી થતી હોવાનું જાણવા મળ્યું છે.

# પરબધામ ખાતે યોજાનાર અષાઢી બીજ મહોત્સવ વાવાઝોડાનાં લીધે બંધ રહેશે

## કુદરતી આપત્તીનાં માહોલ વખતે મહોત્સવ અને લોકમેળાનું આયોજન યોગ્ય નથી : પૂ. કરશનદાસ બાપુ

(રેનીશ મહેતા દ્વારા)

ભેંસાણ તા. ૧૫

સૌરાષ્ટ્રનાં સુપ્રસિધ્ધ તીર્થક્ષેત્ર પરબધામ ખાતો આગામી તા. ૨૦નાં રોજ યોજાનાર અષાઢી બીજ મહોત્સવ અને લોકમેળો બિપોરજોય વાવાઝોડાનો લીધે બંધ રાખવાની પરબધામનાં મહંતશ્રી કરશનદાસ બાપુએ જાહેરાત કરી છે.



પૂ. કરશનદાસ બાપુનાં અધ્યક્ષ સ્થાને તાત્કાલીક આપાતકાલીન બેઠક બોલાવવામાં આવી હતી. આ તકે પૂ. કરશનદાસ બાપુએ શ્રધ્ધાળુ અને સેવક સમુદાયને જણાવ્યું હતું કે બિપોરજોય વાવાઝોડા જેવી કુદરતી આપત્તિનો માહોલ ચાલી રહયો છે. આવા સંકટ સમયે મહોત્સવ ઉજવવો યોગ્ય નથી. હાલની પરિસ્થિતિ ભય અને મુશ્કેલીથી ભરેલી છે. તેમજ પ્રજાપીડિત છે ત્યારે લોકમેળો અને અષાઢી બીજ મહોત્સવ ઉજવવો જોઈએ નહીં. જેથી આ વખતે અષાઢી બીજ મહોત્સવ ૨૦૨૩ બંધ રાખવામાં આવશે. વધુમાં પૂ. કરશનદાસ બાપુએ સેવક સમુદાયને અપીલ કરી હતી કે વાવાઝોડા દરમ્યાન જે વિસ્તારમાં નુકશાની કે ખાનાખરાબી થાય તેવા વિસ્તારમાં પીડિતોને શકય તેટલી મદદ કરજો. સેવાકીય સંસ્થાઓને ફુડ પેકેટનું વિતરણ કરવા અપીલ કરી હતી.

# માંગરોળ તાલુકાના આશ્રિત પરિવારજનો માટે રાત્રિ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી



જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના શીલ ગામના આશ્રિત પરિવારજનો માટે રાત્રિ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. શીલ ગામ ખાતેના સાયક્લોન સેન્ટરમાં આશ્રિત માછીમાર ભાઈઓ, બહેનો અને બાળકો સહિતના આશ્રિત પરિવારજનો માટે રાત્રિ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. શીલ ગામ ખાતે શીલ બારા વિસ્તારના પરિવારજનોએ આશ્રય મેળવ્યો છે ત્યાં તેમને પ્રાથમિક તમામ સુવિધાઓ મળી રહે તે માટે રાજય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર કટિબદ્ધ છે. તેમને પ્રાથમિક સુવિધા મળી રહે તે માટેની તમામ કામગીરીને સુપેરે પાર પાડવા શીલ સરપંચ, સ્થાનિક ગ્રામજનો અને યુવા કાર્યકરોએ એકબીજાને સહયોગ સાંપડ્યો હતો.

# જૂનાગઢની સાવજ સહકારી ડેરીના વિકાસને નવી ઉંચાઈએ લઇ જવા માટે માર્ગદર્શન આપતા સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા

## સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારીયા અને જીલ્લા સહકારી બેંકના ચેરમેન કિરીટ પટેલ સાથે બેઠક યોજી



જૂનાગઢ તા.૧૬

રાજયના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા કે જેમને રાજય સરકારે સંભવિત બિપરજોય વાવાઝોડા સંદર્ભે જૂનાગઢ જિલ્લાની દેખરેખ રાખવા માટે જવાબદારી સોંપી છે. તેઓશ્રી સહકાર મંત્રી હોવાના નાતે સાવજ ડેરી એટલે કે, સાવજ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના વિકાસને નવી ઉંચાઈ પર લઈ જવા માટે સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારિયા, જિલ્લા સહકારી બેંકના ચેરમેન શ્રી કિરીટભાઈ પટેલ અને સાવજ ડેરીના મેનેજિંગ ડિરેકટર વિશ્વનાથ નલવડેસાથે બેઠક કરી હતી.

આ બેઠકમાં મંત્રીશ્રીએ પશુપાલકો અને દૂધ ઉત્પાદક મંડળીઓ પાસેથી દૂધ કલેક્શન વધારવા માટે પ્રોત્સાહન યોજના અમલમાં મૂકવા માટે માર્ગદર્શન આપ્યુ હતુ. તેમજ ઉત્પાદન ખર્ચ ઘટાડીને સાવજ ડેરીનો નફો વધે તે માટે પણ જરૂરી સૂચનો કર્યા હતા. મંત્રીએ સાવજ ડેરીના પ્લાન્ટની મુલાકાત લઈ, દૂધ ઉત્પાદનોની બનાવટોની ટેકનોલોજીનું પણ નિરીક્ષણ કર્યું હતું.

# મધ્યપ્રદેશના ભોપાલ નજીકના ઝરખેડા ગામમાં શ્રી ખોડલધામ મંદિરની પ્રેરણાથી માં ખોડિયારનું મંદિર બનશે



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૬

મધ્યપ્રદેશની રાજધાની ભોપાલથી ૨૦ કિલોમીટર દુર રાજા ભોજ એરપોર્ટ રોડ પર આવેલા સિહોર જિલ્લાના ઝરખેડા ગામે મધ્યપ્રદેશના લેઉવા પાટીદાર સમાજ દ્વારા કુળદેવી મા ખોડિયારના મંદિરનું નિર્માણ કરવામાં આવનાર છે. ગુજરાત સ્થિત શ્રી ખોડલધામ મંદરમાંથી પ્રેરણા લઈ ઝરખેડા ગામમાં મા ખોડિયારનું મંદિર બનાવવામાં આવશે. ગત તારીખ ૧૪ જૂન ને બુધવારના રોજ આ મંદિરનો શિલાન્યાસ કાર્યક્રમ અને સામાજિક ચિંતન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલે હાજરી આપી હતી અને શ્રી નરેશભાઈ પટેલના હસ્તે મંદિરનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.આ મંદિર બે વર્ષમાં બનીને તૈયાર થઈ જશે.

મધ્યપ્રદેશમાં કુલ ૩૨ ગામોમાં વસતા લેઉવા પાટીદાર સમાજ દ્વારા સામાજિક ચેતના કેન્દ્રના રૂપમાં કુળદેવી મા ખોડિયારનું મંદિર બનાવવામાં આવી રહ્યું છે. આ મંદિર ગુજરાતના રાજકોટ જિલ્લાના કાગવડ ગામ પાસે નિર્માણ પામેલા શ્રી ખોડલધામ મંદિરમાંથી પ્રેરણા લઈને બનાવવામાં આવી રહ્યું છે. ઝરખેડામાં બની રહેલા મંદિર નિર્માણમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને ચેરમેન નરેશભાઈ પટેલનું જરૂરી માર્ગદર્શન મળી રહ્યું છે. ૧૪ જૂનના રોજ નરેશભાઈ પટેલના હસ્તે જ આ

### નરેશભાઈ પટેલના હસ્તે મંદિરનો શિલાન્યાસ કરાયો

મંદિરનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. સાથે જ સામાજિક ચિંતન કાર્યક્રમ પણ યોજાયો હતો. જેમાં નરેશભાઈ પટેલે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ગુજરાતભરમાં કરવામાં આવતી સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. આ તકે મધ્યપ્રદેશના લેઉવા પાટીદાર સમાજ દ્વારા નરેશભાઈ પટેલનું ભવ્ય સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું.

# રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ માળિયા હાટીના ખાતે કાર્યરત તાલુકા કંટ્રોલરૂમની મુલાકાત-નિરીક્ષણ કર્યું

જૂનાગઢ, તા.૧૬

રાજયના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ માળિયા હાટીના ખાતે કાર્યરત તાલુકા કંટ્રોલ રૂમની મુલાકાત કરી હતી. તેમણે કંટ્રોલરુમ ખાતે સંભવિત બિપરજોય વાવાઝોડાના અનુસંધાને નોંધાયેલી રજૂઆતો અને ફરિયાદોની તપાસ કરી તે સંદર્ભે કરવામાં આવેલી કાર્યવાહીની જાણકારી મેળવી હતી. સાથે જ લોકોના પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ લાવવા માટે શું કરી



શકીએ તે અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી કિરીટ પટેલ, અધિકારીઓ, પદાધિકારીઓ અને સ્થાનિક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર રજૂ કરે છે ‘પરંપરા – ગુરૂપૂર્ણિમા વિશેષ મહોત્સવ’

મુંબઈ, તા. ૧૬

ઈન્ટરનેશનલ બ્રોડવે મ્યુઝિકલ ‘ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક’ની અભૂતપૂર્વ સફળતા બાદ નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર તમારા માટે વાર્ષિક ઉજવણી સ્વરૂપે લાવી રહ્યું છે - ‘પરંપરા –ગુરૂપૂર્ણિમા વિશેષ મહોત્સવ’. આ વર્ષે ભારતીય શાસ્ત્રીય સંગીતના શ્રેષ્ઠ ઉસ્તાદો અને તેમના પ્રસિદ્ધ શિષ્યોને એકમંચ પર લાવવામાં આવી રહ્યા છે. કાલાતીત ગુરૂ-શિષ્ય પરંપરાના વાર્ષિક અભિવાદનતરીકે જેની કલ્પના કરવામાં આવી છે તેવી આ વિશેષ પ્રસ્તુતિ શ્રીમતી નીતા અંબાણીના વિશ્વ સમક્ષ શ્રેષ્ઠ ભારતનું પ્રદર્શન કરવા અને વિશ્વના શ્રેષ્ઠને ભારતમાં લાવવાના વિઝન થકી માર્ગદર્શિત છે.

૩૦મી જૂન અને પહેલી જુલાઈના રોજ બે દિવસીય વિશેષ ઉજવણી સાંજના ૭.૩૦ વાગ્યાથી સાંસ્કૃતિક કેન્દ્રના ૨૦૦૦-સીટર પર્ફોર્મિંગ આર્ટ સ્પેસ - ધ ગ્રાન્ડ થિયેટર ખાતે યોજાશે - જ્યાં’ધ ગ્રેટ ઈન્ડિયન મ્યુઝિકલ: સિવિલાઈઝેશન ટુ નેશન’અને ઈન્ટરનેશનલ બ્રોડવે મ્યુઝિકલ, ‘ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક’ જેવા સીમાચિહ્ન ગણાતા આયોજનો યોજાયા હતા. સ્થાપક અને અધ્યક્ષા શ્રીમતી નીતા અંબાણીએ જણાવ્યું કે, “ગુરૂ માત્ર જ્ઞાન જ નથી આપતા પણ શિષ્યોને સ્વ-સંશોધનના તેમના માર્ગ ઉપર આગળ વધવાનું માર્ગદર્શન પણ આપે છે. ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંબંધ શિસ્ત, સમર્પણ અને અત્યંત આદર દ્વારા સંચાલિત જીવનભરની યાત્રાને દર્શાવે છે. આ ગુરુપૂર્ણિમામાં એનએમએસીસી ખાતે અમે આ કાલાતીત પરંપરાનું નમ્ર અભિવાદન કરતાં આનંદ અનુભવીએ છીએ. ’પરંપરા’ ભારતીય શાસ્ત્રીય સંગીતના શ્રેષ્ઠ ઉસ્તાદો અને તેમના પ્રખ્યાત શિષ્યોને એકમંચ પર લાવી રહ્યું છે. આવો આપણે સાથે મળીને આ પવિત્ર બંધનની ઉજવણી

### ગુરૂ-શિષ્ય વચ્ચેના બંધનના કાલાતીત વારસાનું અભિવાદનશ

કરીએ અને આપણી જાતને એક સાંસ્કૃતિક વારસામાં તરબોળ કરી લઈએ જે પેઢી દર પેઢી આગળ આગળ વધી રહી છે.’’

આ બે દિવસ દરમિયાન કળાપ્રેમીઓ સુપ્રસિદ્ધ વાંસળીવાદક પદ્મ વિભૂષણ પંડિત હરિપ્રસાદ ચૌરસિયા અને તેમના ભત્રીજા રાકેશ ચૌરસિયાની; સરોદ ઉસ્તાદ પદ્મ વિભૂષણ ઉસ્તાદ અમજદ અલી ખાન તેમના પુત્રો અમાન તથા અયાન અલી બંગશ અને પૌત્રો ઝોહાન અને અબીર અલી બંગશ સાથે; તેમજ સિતારવાદક પંડિત કાર્તિક કુમાર અને તેમના પુત્ર નિલાદ્રી કુમારની યાદગાર જુગલબંદીના સાક્ષી બનશે. આ પ્રતિષ્ઠિત સંગીતકારોની રજૂઆત સંગીત અને આધ્યાત્મિકતાના દુર્લભ સંશોધનને ચિહ્નિત કરશે.

ધ ગ્રાન્ડ થિયેટર આ વિકેન્ડ આ મહાન કળાકારોના વારસાની ઉજવણી સ્વરૂપે એક અસાધારણ સંગીત જલસાનું સાક્ષી બનશે. અહીં તમને તેમના મનમોહી લેતા સંગીતની રજૂઆત જ નહીં પરંતુ થિયેટરના વર્લ્ડ-કલાસ એકોસ્ટિકસ પણ માણવા મળશે, જે સંગીતની દરેક હરકતને જાદુઈ બનાવે છે.

# જૂનાગઢમાં કર્ફ્યુ જેવી સ્થિતિ સાથે 'સન્નાટા'નું સામ્રાજય

## ગઈકાલનો ૧૫ જુનનો દિવસ લોકોએ અતિ ભય વચ્ચે વિતાવ્યો







(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૧૬

૧૫ જુનનો દિવસ એકલા જૂનાગઢ જ નહીં પરંતુ સૌરાષ્ટ્ર-કચ્છ, ગુજરાત અને દેશને માટે ન ભુલી શકાય તેવો 'કડવી' યાદ સાથેનો દિવસ રહયો છે. ચોમાસાનાં દિવસો શરૂ થાય એટલે ભારે વરસાદ, પવન, વાવાઝોડુ, અતિવૃષ્ટી, નદીઓમાં પુર જેવા બનાવો સામાન્ય રીતે બનતા હોય છે. અને કુદરતી આપત્તિઓ વચ્ચે પ્રશાસન તંત્ર, જનજીવન શકય તેટલા બચાવવાનાં રસ્તા અપનાવતા હોય છે. અને આખરે થાકી, હારીને આવતી વખતે અનેક નિર્દોષ વ્યકિતઓનાં જાન પણ જતાં હોય છે અને કરૂણાંતીકાની યાદ જીવનભર રહેતી હોય છે.

દિવસો પહેલા હવામાન નિષ્ણાંતોએ 'બીપોરજોય' વાવાઝોડુ ત્રાટકવાની અને તેની ભયાનકતાની અગાઉથી આગાહી કરી હતી. જેને લઈને સંબંધીત તંત્ર હરકતમાં આવી ગયું હતું. એક તરફ ગુજરાત સરકાર, કેન્દ્ર સરકાર, સ્થાનીક તંત્ર, જીલ્લા તંત્ર તેમજ સરકારનાં વિવિધ વિભાગો દ્વારા આવનારી 'આફત'નાં સામના માટે તકેદારીનાં એક પછી એક પગલા ભરવાનું શરૂ કરી દીધું હતું. ખાસ કરીને દરીયાઈ વિસ્તારોમાં પડનારી અસર અંગે અગાઉથી જ સાવચેતી અને સલામતીનાં પગલા લેવાયા હતાં. દરિયાકાંઠાનાં વિસ્તારોમાં હાઈએલર્ટ જારી કરી નીચાણવાળા વિસ્તારોનાં લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતાં. સેવાભાવી સંસ્થાઓ, ધાર્મિકસ્થળોએજરૂર પડયે લોકોને ફુડપેકેટ આપવા માટેની તૈયારી હાથ ધરી તો પ્રશાસન તંત્ર દ્વારા રાત દિવસ સતત જહેમત ઉઠાવી અને યુધ્ધનાં ધોરણે સલામતીની વ્યવસ્થા પુરી પાડી અને બીપોરજોય વાવાઝોડાનાં સામના માટે તંત્ર સજજ બની ગયું હતું. જયારથી ભયાનક વાવાઝોડુ ત્રાટકવાનું છે તેવી થયેલી આગાહી બાદ લોકો દિવસોથી ગણત્રી કરવા લાગ્યા હતાં. અને સંકટની ઘડી ગઈકાલે આવી ગઈ હતી. ૧૫ જુનનો દિવસ ગઈકાલે સવારથી જ વિચિત્ર ગુંગળામણ, બેચેની, છુપો ભય વચ્ચે શરૂ થયો હતો. લોકોનાં જીવ પડીકે બંધાયા હતાં. બજારોમાં કર્ફયુ જેવી સ્થિતિ જોવા મળતી હતી. ગઈકાલે બપોરબાદ શુનકાર જેવું વાતાવરણ પ્રસરી ગયું હતું અને બીપોરજોય વાવાઝોડુ કયાં પહોંચ્યું, કયાં ત્રાટકશેનાં માહોલસર્જાયો હતો. સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટાં શરૂ થયા હતાં. તેમજ બપોરનાં બે વાગ્યાથી સુસવાટા મારતો પવન શરૂ થયો હતો. બીપોરજોય વાવાઝોડાની દહેશતને પગલે ગઈકાલે જૂનાગઢમાં કર્ફયુ જેવી સ્થિતિ રહી હતી. અને આખો દિવસ લોકોમાં સંભવિત વાવાઝોડાનો ભય જોવા મળ્યો હતો.



## ગિરનારજી મહારાજ, અંબાજી માતાજીનાં રખોપા અને દત્ત અને દાતારની પાવનકારી ભૂમિકામાં

# વાવાઝોડાનું સંકટ ટળી ગયું : લોકોએ નિરાંતનો શ્વાસ લીધો





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૧૬

બીપોરજોય વાવાઝોડુ ભયાનક રીતે ત્રાટકવાની સંભાવના વચ્ચે ગઈકાલે જૂનાગઢ સહિત સોરઠ પંથકનાં લોકોએ ભય વચ્ચે દિવસ પસાર કૃયો હતો. અને આ આફતનાં પડીકા સમુ વાવાઝોડુ કેવી ખાનાખરાબી સર્જશે તેવો ભય સતત ડોકીયા કરતો હતો. પરંતુ ગિરનારજી મહારાજ, અંબાજી માતાજીનાં રોખાપા અને દત્ત અને દાતારની પાવનકારી ભૂમિ ઉપરથી વાવાઝોડાનો ખતરો ટળી ગયો છે. છેલ્લા કેટલાય દિવસો થયા જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાતની જનતા બીપોરજોય વાવાઝોડાની દહેશત વચ્ચે ફફડતી હતી. દરમ્યાન ગઈકાલે ૧૫ જુનનાં દિવસે વાવાઝોડાની ગાઈડલાઈન શરૂ થઈ હતી. અને ગમે ત્યારે બીપોરજોય વાવાઝોડુ ત્રાટકે તેવી સંભાવનાં રહેલી હતી. દરમ્યાન આખરે ભયાનક ખૌફનાક ગણાતું બીપોરજોય વાવાઝોડુ પસાર થઈ ગયું છે. અને જેને લઈને લોકોએ તેમજ પ્રશાસન તંત્રએ નિરાંતનો દમ લીધો છે. જૂનાગઢ શહેરની વાત કરીએ તો ગિરનારજી મહારાજ અને અંબાજી માતાજીનાં રખોપા અને દત્ત અને દાતારની પાવનકારી ભૂમિકા એટલે જૂનાગઢ શહેર વાવાઝોડાની અસરમાંથી મુકત થયું છે. વાવાઝોડાનો ખતરો સંપૂર્ણ ટળી ગયો છે. જેને લઈને લોકોએ નિરાંતનો શ્વાસ લીધો છે અને આ સાથે જ ઈશ્વર-અલ્લાહ પરવરદિગારનો આભાર માની સર્વેનાં કલ્યાણની પ્રાર્થના કરી છે.

## જૂનાગઢ શહેર-જીલ્લામાં પવન અને હળવાથી મધ્યમ વરસાદ પડશે


### બિપોરજોય વાવાઝોડું કચ્છથી રાજસ્થાન તરફ જતું રહેશે : ધીમંત વઘાસીયા

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૬

બિપોરજોય વાવાઝોડાના સંભવિત ખતરા સામે જૂનાગઢ શહેર અને જીલ્લામાં તકેદારીના પગલા લેવામાં આવ્યા હતા અને ગઈકાલે ૧૫મી જુનના દિવસે વાવાઝોડાની અસર વચ્ચે હળવા થી મધ્યમ વરસાદ સાથે પવન ફુંકાયો હતો. દરમ્યાન જૂનાગઢ જીલ્લાના વિવિધ તાલુકામાં પડેલા વરસાદ અંગે ડીઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા અપાયેલી માહિતી અનુસાર અત્યાર સુધીમાં માણાવદર ૧૩ મીમી(૧૮૧ મીમી), વંથલી ૪ મીમી(૨૦૫મીમી), જૂનાગઢ ગ્રામ્ય ૯ મીમી(૧૬૨ મીમી), ભેંસાણ ૪ મીમી(૯૮ મીમી), વિસાવદર ૪ મીમી(૧૭૮ મીમી), મેંદરડા ૧૮ મીમી(૨૯૬ મીમી), કેશોદ ૧ મીમી(૨૪૩ મીમી), માંગરોળ ૪મીમી(૧૬૭મીમી), માળીયા હાટીના ૬ મીમી(૨૪૬ મીમી), જૂનાગઢ સીટી ૯ મીમી(૧૬૨ મીમી) વરસાદ પડયો હતો. આજે પણ સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે હળવા થી મધ્યમ વરસાદ પડી રહ્યો છે. હવામાન કૃષિ વિભાગના ધીમંત વઘાસીયાએ જણાવ્યું હતું કે, બિપોરજોય વાવાઝોડા કચ્છથી રાજસ્થાન તરફ જતું રહેશે અને આ વાવાઝોડા બાદ જૂનાગઢ શહેર અને જીલ્લામાં પવન અને મધ્યમ વરસાદ સાથે વાદળછાયું વાતાવરણ રહેશે તેમ જણાવ્યું હતું.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૦૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૬૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ७૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪